-:: **જાહેર નિવિદા** ::-

આથી, રસ ધરાવતાં તમામ ઇસમો (ખેડૂત/માલધારી ભાઈઓ) ને જાણ કરવામાં આવે છે કે, અત્રેનાં કૃષિ સંશોધન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, તળાજા કેન્દ્ર (માર્કેટિંગ યાર્ડની બાજુમાં) નાં ફાર્મ પર રવિ - ૨૦૨૫ દરમિયાન વાવેતર કરેલ ચણા જી.જે.જી. – ૩ તથા જી. કે. જી. - ૨ (૫ હેક્ટર) નું **અંદાજે ૩૦૦ મણ (૬૦ ક્વિન્ટલ )** ઓપનરમાં કાઢેલ બધુ જ ફોડરને વેચાણથી પોતાનાં ખર્ચે લઇ જવાના ભાવ આ સાથેની તમામ શરતોને આધીન રહી **બંધ કવરમાં** આ કચેરીને મોડામાં મોડા તા. **૧૦/૦૪/૨૦૨૬** સાંજનાં **૫ - ૦૦** કલાક સુધીમાં ફક્ત ટપાલ / કુરિયર મારફત પોતાનાં નામ, સરનામાં તથા મોબાઈલ નંબર સાથે પહોંચતાં કરવાનાં રહેશે.

વધુમાં, ભાવ મંજુર થનાર જે તે પાર્ટીએ બધુ જ ચણાનું ફોડર પોતાના ખર્ચે લઇ જવાનું રહેશે તેમજ ભાવ મંજુર થતા ડીપોઝીટ પેટે રકમ **રૂ. ૫,૦૦૦/-** (અંકે રૂપિયા પાંચ હજાર પુરા/- ) નો " ASSTT. RES. SCIE. A.R.S. (G. O.), J. A. U., TALAJA " ના નામનો ડી. ડી. અત્રેની કચેરીમાં જમા કરાવવાનો રહેશે, ત્યાર બાદ જ ચણાનું ફોડર ભરવા દેવામાં આવશે.

ફોડરના ભાવ પ્રતિ ૨૦ કિલો (૧ મણ) માં પોતાનાં નામ, સરનામાં અને મોબાઇલ નંબર સાથે આપવાનાં રહેશે. ભાવ માન્ય રાખવો કે ન રાખવો તેની સત્તા સંશોધન નિયામકશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢને રહેશે.

કોરા ભાવ પત્રક તથા વેચાણ અંગેની શરતો જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની વેબ સાઈટ : www.jau.in પર ટેન્ડર વિભાગ પરથી અથવા અત્રેની કચેરી ખાતેથી જાહેર રજા સિવાયના દિવસોમાં રૂબરૂ મેળવી લેવાની રહેશે.

જા.નં. જુકૃયુ/મસંવૈ/ટેક-3 / ૧૪૦ - ૧૪૩ /૨૦૨૬
તળાજા તા.૨૫/03/૨૦૨૬

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર (લ. ડું.)
જૂ. કૃ. યુ., તળાજા

**નકલ સવિનય રવાનાં** :-

(૧) સંશોધન નિયામકશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ તરફ જાણ થવા સારૂ...
(૨) નિયામકશ્રી, આઈ. ટી. સેલ. જૂનાગઢ તરફ જાહેર નિવિદા વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ...

**નકલ રવાનાં** :-

(૩) સ્થાનિક પશુપાલક માલધારીઓ તથા ખેડૂત ભાઈઓ તરફ....
(૪) કાર્યાલય આદેશ ફાઇલે..

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, તળાજા ( જી. ભાવનગર) નાં રવિ – ૨૦૨૫ માં ઉત્પાદન થયેલ ચણા ફોડર પોતાના ખર્ચે આપેલ ઉંચા ભાવની માંગણીથી વજન ઉપર લઈ જવાની શરતો નીચે મુજબ છે, જે શરતોનું ખરીદનારે પાલન કરવાનું રહેશે અને તે બદલની પોતાની સહી ભરવામાં આવનાર ભાવ સાથે જોડવાની રહેશે.

-: **શરતો** :-

| | |
|---|---|
| ૧. | ચણા ફોડરના ટેન્ડર ભરનાર પાર્ટીએ સ્થળ પર જોઈ ચકાસી પછી જ ટેન્ડર ભરવાના રહેશે, પાછળથી કોઈ પણ પ્રકારની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. |
| ૨. | ટેન્ડર ફોર્મ જે નામે ભરવામાં આવે તે ઇસમના રહેઠાણ તથા ફોટો ધરાવતા ઓળખકાર્ડની નકલ ફરજીયાત જોડવાની રહેશે. નહી તો, ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. |
| ૩. | ભરેલ ટેન્ડર ફોર્મ શરતો સાથે સહી કરી **તા. ૧૦ / ૦૪ / ૨૦૨૬ નાં સાંજના ૫ : ૦૦ કલાક** સુધીમાં અત્રેની કચેરીએ રજીસ્ટર એ.ડી. / પોસ્ટ / કુરીયર દ્વારા જ મોકલવાના રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂ સ્વિકારવામાં આવશે નહી. બંધ કવર ઉપર પુરૂ નામ/સરનામું તથા મોબાઇલ નંબર અવશ્ય લખવાનો રહેશે. બંધ કવર ઉપર "ચણા ફોડરનાં ભાવ" એવુ સ્પષ્ટ લખવું. |
| ૪. | ચેક - ચાક કરેલ ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી, ટેન્ડર ખોલ્યા બાદ જે પાર્ટીના ભાવ સૌથી વધારે આવશે તે સદર ભાવ કમીટીને મંજુર હશે તો જ માન્ય રાખવામાં આવશે. |
| ૫. | યુનીવર્સીટી દ્વારા નિયુક્ત કમિટી દ્વારા ટેન્ડર ખોલ્યા બાદ કમિટી દ્વારા ભાવ મંજુર થયે તુરંત જ ટેન્ડરમાં લખેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરવામાં આવશે તેમજ ટેન્ડર મંજુર થયેલ પાર્ટીએ દિવસ – ૨ માં ડીપોઝીટ પેટે રૂ. <u>૫,૦૦૦/-</u> નો ડી. ડી. "ASSTT. RES. SCIE. A.R.S. (G. O.), J. A. U., TALAJA " ના નામનો અત્રેની કચેરી ખાતે જમા કરાવ્યા બાદ જ ફોડર ઉપાડવા દેવામાં આવશે. સંપૂર્ણ ફોડર ઉપડ્યા બાદ તેમજ અત્રેના ફાર્મમાં કોઈપણ જાતની નુકશાની ન થયા અંગેનું પ્રમાણપત્ર કચેરી દ્વારા આપ્યા બાદ પાર્ટીએ જમા કરાવેલ ડી. ડી. વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૬. | ભાવ મંજુર થયેલ ખરીદદારે ફોડર પોતાનાં ખર્ચે અને જોખમે પોતાનાં વાહનથી બધુ જ ફોડર કચેરીના કામના દિવસ - ૧૦ માં ઉપાડી લેવાનું રહેશે. |
| ૭. | ફોડર ખરીદનારે તેનો માલ રજા સિવાયના દિવસોમાં ઓફીસ સમય દરમ્યાન સવારના ૮ : ૦૦ થી સાંજના ૫ : ૦૦ દરમ્યાન મુખ્ય દરવાજેથી લઈ જવાનો રહેશે. |
| ૮. | કોઈ પણ કુદરતી આફત કે અકસ્માતથી ખરીદનારનાં માલને કે માણસને નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ભાવ મંજુર થયેલ પાર્ટીની રહેશે. |
| ૯. | ફોડર ખરીદનારે આ કચેરીના કર્મચારીની રૂબરૂમાં તેમના ખાલી તથા ભરેલા વાહનનો વજન કાંટો આ કચેરીએ માન્ય કરેલ વજન કાટે જ કરાવવાનો રહેશે. તેમજ તેનું બીલ માંગણીદારે ચૂકવવાનું રહેશે. |
| ૧૦. | ફોડર ખરીદનારે દરેક વખતે થયેલ વજનની રકમ ચેક/રોકડાથી સ્થળ પરજ ચુકવવાની રહેશે. ત્યારબાદ જ બીજું વાહન ભરવા દેવામાં આવશે. |
| ૧૧. | સદરહું માંગણી અંગે કોઈ પણ વાંધો કે, પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેનો આખરી નિર્ણય સંશોધન નિયામકશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢનો માન્ય રાખવાનો રહેશે. |
| ૧૨. | કોઇ પણ બાબતનાં વાદ – વિવાદ / તકરાર માટે કાનુની કાર્યવાહી ભાવનગર જ્યુરીશડીકશન રહેશે. |

**ઉપરોક્ત તમામ લાગુ પડતી શરતોનું ચુસ્તપણે પાલન નહિ કરનાર ખરીદનારની સંપૂર્ણ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે જેની નોંધ લેવી.**

મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક
કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તળાજા જી. ભાવનગર

**<u>પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરોક્ત શરતો અને બોલીઓ તેમજ ટેન્ડરને લગતી સમગ્ર વિગતો મે/અમોએ બરાબર વાંચી અને શુધ્ધબુદ્ધિથી સમજી છે અને અમોને ઉપરોક્ત બોલીઓ અને શરતો માન્ય છે, તેમાં સહમત છીએ તથા ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ અમારી વિગતો સાચી છે, તેની ખાત્રી આપી સહી કરેલ છે.

સ્થળ :-

તા.

ટેન્ડર આપનાર પાર્ટીની સહી :-

નામ :-

## <u>ચણા ફોડર ના ભાવ</u>

પ્રતિ,
મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,
કૃષિ સંશોધન કેન્દ્ર,
જૂ. કૃ. યુ., તળાજા

વિષય : ચણા ફોડરના ભાવ આપવા બાબત

હું, નીચે સહી કરનાર,..........................................................................................................આપની તારીખ : ૨૫/03/૨૦૨૬ ની ચણા ફોડર વેચાણના બંધ કવરો મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કૃષિ સંશોધન કેન્દ્ર, તળાજાનાં ફાર્મ પરનું ચણાનું બધું જ ફોડર ઉપાડવાની શરતે ભાવ રૂ/................(અંકે ............................................................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માગું છું, તેમજ તેને સબંધીત તમામ શરતો મે વાંચી છે, જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સ્થળ :

તારીખ :

સહિ :......................................................

નામ:

ગામ:

મોબાઈલ નં. :


## <u>ચણા ફોડર ના ભાવ</u>

પ્રતિ,
મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,
કૃષિ સંશોધન કેન્દ્ર,
જૂ. કૃ. યુ., તળાજા

વિષય : ચણા ફોડરના ભાવ આપવા બાબત

હું, નીચે સહી કરનાર,..........................................................................................................આપની તારીખ : ૨૫/03/૨૦૨૬ ની ચણા ફોડર વેચાણના બંધ કવરો મંગાવવા અંગેની જાહેર નિવિદા પ્રમાણે કૃષિ સંશોધન કેન્દ્ર, તળાજાનાં ફાર્મ પરનું ચણાનું બધું જ ફોડર ઉપાડવાની શરતે ભાવ રૂ/................(અંકે ............................................................................) (૨૦ કિલોનાં ભાવ) એ ખરીદવા માગું છું, તેમજ તેને સબંધીત તમામ શરતો મે વાંચી છે, જે મને મંજુર છે. અમારો ભાવ મંજુર થયે જણાવશોજી.

સ્થળ :

તારીખ :

સહિ :......................................................

નામ:

ગામ:

મોબાઈલ નં. :